## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




અલી, ટીવી જોયા પછી મને ખબર પડી કે પાછલી સરકારે કશુ જ નથી કર્યુ...!! તો તો એ સરકાર નવરી બેઠી કંટાળીને જાતે જ જતી રહી હશે...!!

# રાયપુર કેનાલમાં બે દિકરાઓ સાથે યુવકે મોતનો કુદકો માર્યો

ગાંધીનગર, તા.૨૩

અમદાવાદના દસક્રોઈ તાલુકાના પરઢોલ ગામના યુવાને બે બાળકો સાથે રાયપુર નર્મદા કેનાલમાં મોતની છલાંગ લગાવતા સ્થાનિક નાગરીકો પણ હચી મચી ગયા હતા.

પહેલા ચાર વર્ષના દિકરાને કેનાલમાં નાંખી દીધા પછી બીજા છ વર્ષના દિકરાને બાથમાં ભરીને યુવક કેનાલમાં કુદી પડયો હતો. જયારે આજે કેનાલમાંથી બે દિકરા અને યુવકનો મૃતદેહ મળી આવતા પરિવારજનોના હૈયાફાટ રૂદનથી સૌ કોઈની આંખો ભીની બની હતી. જયારે પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના સાયફન પાસેની નર્મદા કેનાલમાં પરઢોલ ગામના શ્રમીક યુવકે લગ્નજીવનથી હારી થાકીને ૪ અને ૬ વર્ષના વ્હાલસોયા બાળકો સાથે મોતનો કુદકો માર્યો હતો.

આ કરૂણ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. પોતાના બે દિકરા લઈને કેનાલમાં અંતિમ પગલુ ભરવા માટે આવેલા યુવકે કેનાલ પાસે ઉભા રહીને મરતા પહેલા એક વિડીયો બનાવ્યો હતો.જે વિડીયો હાલમાં ખુબ વાયરલ થયો છે. ગતરોજ નાના દિકરાનો મૃતદેહ મળી આવ્યો હતો, જયારે આજે રૂષભ અને યુવકનો મૃતદેહ મળી આવતા પરિવાર ચૌંધાર આસું એ રડતા સૌના કાળજા કંપી ઉઠયા હતા. શ્રમિક યુવક વિનોદ ઠાકોર તેના બે દિકરા આરવ અને રૂષભ સાથે કેનાલ ખાતે બપોરના સમયે પહોંચ્યો હતો. જયાં દિકરાઓને પિતા કેમ આ સ્થળે લઈ આવ્યા છે તેનો અંદાજ પણ નહી હોય. બંન્ને ભાઈઓ નિર્દોષ ભાવે કેનાલ ખાતે રમતા હતા.

તે દરમિયાન વિનોદે પરિવારને સંબોધન કરતા એક વિડીયો બનાવ્યો હતો. લગ્નજીવનથી હારી થાકીને વિનોદે અંતિમ વિડીયો બનાવી પરિવારને પણ મોકલી આપ્યો હતો. ત્યારબાદ ત્રણેય જણા કેનાલમાં મોતનો કુદકો માર્યો હતો. બનાવની જાણ થતા પરિવારના સભ્યો પણ દોડી આવ્યા હતા.જયારે કેનાલમાં ત્રણેયની શોધખોળ હાથ ધરાઈ હતી.

પરંતુ ગઈકાલે બાલીસણા કેનાલમાંથી આરવનો મૃતદેહ મળી આવ્યો હતો.

જયારે અડાલજ વિસ્તારમાં આવેલી કેનાલમાંથી વિનોદનો મૃતદેહ તેમજ રૂષભનો મૃતદેહ કડીના પીરોજપુર કેનાલમાંથી મળી આવ્યો હતો. બનાવ અંગે ડભોડા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. જયારે એક બાળકનો મૃતદેહ કડીના બાવલુ પોલીસ મથકની હદમાંથી મળતા ત્યાં અકસ્માતે મોતનો ગુનો નોંધાયો છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેર-જિલ્લામાં સતત ચોથા દિવસે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગર શહેરમાં ૩૨ અને ગ્રામ્ય વિસ્તારમાં ૬૫ લોકોને કોરોના વિરોધી રસીકરણ અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.
- એલ.ડી.આર.પી. નજીક આવેલ રેલ્વે ક્રોસીંગ બંધ હોવાથી વાહનચાલકોને વધારે ફરીને જવુ પડી રહ્યુ છે.
- ગાંધીનગર શહેરમાં આજે પણ વાદળછાયુ વાતાવરણ રહ્યુ હતુ તેમજ લઘુત્તમ તાપમાન નીચે જતાં ઠંડીનો માહોલ જામી રહ્યો છે.
- રવિવારે લગ્નસરાની મોસમમાં વધુ લગ્નો હોવાથી ગાંધીનગરાઓ તેની તૈયારીઓમાં વ્યસ્ત બન્યા છે.
- ગાંધીનગર જિલ્લામાં આજે દહેગામ ખાતે પ્રધાનમંત્રી મોદીની જનસભાના આયોજનને આખરી ઓપ આપવામાં ભાજપના આગેવાનો વ્યસ્ત બન્યા હતા.
- રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરીએથી આજે ઓબ્ઝર્વર્સ સાથે વિડીયો કોન્ફરન્સ યોજાઈ હતી.
- કલોલ તા.ના છત્રાલ ગામની પ્રા. શાળામાં ગણિત-વિજ્ઞાન મેળાનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.
- દહેગામના દેવકરણના મુવાડા ગામે ગજાનન સેવા સમિતિ દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને અનાજની કીટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.
- ગાંધીનગર તાલુકાના ડભોડા ગામે એમ.એમ. વિદ્યામંદિરમાં વાલી સંમેલનનું આયોજન કરવામાં આવ્યુ હતુ.
- કલોલ તાલુકાના નારદીપુર ગામની પ્રા. શાળામાં ગણિત-વિજ્ઞાન અને પર્યાવરણનું પ્રદર્શન યોજવામાં આવ્યુ હતુ.
- ગાંધીનગર શહેરમાં કપિરાજોનો આતંક વધી રહ્યો હોવાથી નગરજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

## ચંદ્રાલા નાકા પોઈન્ટ પર લકઝરી બસમાંથી દારૂના ૪૦૮ નંગ ટ્રેટા પેક ઝડપાયા





ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના ચંદ્રાલા નાકા પોઈન્ટ પર લકઝરી બસમાં પતરાના પીપમાંથી વિદેશી દારૂના ૪૦૮ નંગ ટ્રેટા પેક મળી આવ્યા હતા. પોલીસે રૂ.૩૪ હજારથી વધુના ટ્રેટા પેક સાથે એક શખ્સને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ વિધાનસભાની ચુંટણીને પગલે વાહનચેકીંગની ઝુંબેશ સઘન બનાવાઈ છે.ત્યારે ચિલોડા પોલીસના જવાનો ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગની કામગીરી ચાલી રહી હતી. તે દરમિયાન હિંમતનગર થી આવી રહેલી ગજરાજ ટ્રાવેલ્સની બસ નં.એ.આર.૦૨.બી.-૯૯૯૯ ને પોલીસે ઈશારો કરી સાઈડમાં ઉભી રખાવી હતી.ત્યારબાદ પોલીસે ડ્રાઈવર-કંડકટરને સાથે રાખી સામાન ચેક કરી રહ્યા હતા. જયારે પોલીસે લકઝરી બસની ડેકીમાં તપાસ કરતા પતરાના પીપડા શંકાસ્પદ હાલતમાં પડ્યા હતા. જેથી પોલીસે તે પીપડા ખોલીને તપાસ કરતા તેમાંથી ૪૦૮ નંગ ટ્રેટા પેક મળી આવ્યા હતા. જેથી પોલીસે વધુ તપાસ હાથ ધરતા દારૂનો જથ્થો રાજનગર રાજસ્થાનથી અમદાવાદના મોબાઈલ ધારકે મંગાવ્યો હોવાનું સામે આવ્યું હતું. મોબાઈલ નંબરની ટીકનીકલ સોર્સ થી તપાસ કરતા દારૂ મંગાવનાર જીગર મહેન્દ્રાભાઈ પંચાલ (સુથાર હાલ હાલ રહે. બ્લોક નં-૧૪૨ મકાન નં-૧૪૨ ધીરજ હાઉસીંગ રાજા ભગત સ્કુલપાસે ગોરનો કુવો ખોખરા અમદાવાદ, મુળ રહે.વૃંદાવાડી રાજકોટ)ને પકડી પાડી પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## નારદીપુર ખાતે ગણિત, વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન યોજાયું



ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર ખાતેના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ઉપક્રમે કલોલ તાલુકાનું સીઆરસી કક્ષાનું ગણિત, વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન નારદીપુર કુમાર પ્રાથમિક શાળામાં યોજાયું હતું જેમાં નારદીપુર કલસ્ટરની તમામ પ્રાથમિક શાળાઓએ પ્રદર્શનમાં ભાગ લીધો હતો. પ્રદર્શનમાં બાળ વિજ્ઞાનીઓ દ્વારા વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં નારદીપુર ગામના રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા રામભાઈ સાહેબ, ભાગ લેનાર શાળાઓના આચાર્યો તેમજ સીઆરસી સંદીપભાઈ મોદી સહિત તમામ શાળાના ગણિત વિજ્ઞાન શિક્ષકો તથા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતાં. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન નારદીપુર કુમાર શાળાના શિક્ષિકા દિશાબેન પટેલે કર્યું હતું.

## કુડાસણમાંથી ઈ-સીગારેટનું વેચાણ કરતો વેપારી ઝડપાયો

### પ્રમુખ આર્કેડમાં બોબમાર્લે દુકાનમાં ઈ-સીગારેટ વેચાણ



ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં ખાતે આવેલા પ્રમુખ આર્કેડના બોબમાર્લે નામની પાન મસાલાની દુકાનેથી પ્રતિબંધિત ઈ-સીગારેટનું વેચાણ કરનાર શખ્સને મુદ્દામાલ સાથે એસઓજી પોલીસે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર રેન્જ આઈજીપી અભય ચુડાસમા અને ગાંધીનગર જિલ્લા પોલીસ વડા તરૂણ દુગ્ગલ દ્વારા જિલ્લા વિસ્તારમાં યુવાનોને ઈ-સીગારેટનો ઉપયોગ કરી નશાના રવાડે ચડાવનાર શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી કરવા સુચના આપી હતી. જે અન્વયે એસઓજી પોલીસ ગાંધીનગર વિસ્તારમાં પેટ્રોલીંગમા હતી તે સમયે બાતમી મળી હતી કે કુડાસણ ખાતે એક શખ્સ પાનના ગલ્લાની આડમાં ઈ-સીગારેટ તેમજ લિકવીડ નિકોટીન સંગ્રહ કરી ગ્રાહકોને ઈ-સીગારેટ નું ગેરકાયદેસર વેચાણ કરી રહ્યો છે. જેથી એસઓજી પોલીસે કુડાસણ વિસ્તારમાં પ્રમુખ આર્કેડના ગ્રાઉન્ડ ફલોર પર આવેલી બોબમાર્લે પાન-મસાલાની દુકાનમાં તપાસ કરતા એક સફેદ તેમજ વાદળી કલરનું (વેપ) લખેલ બોકસમાંથી ઈ-સીગારેટ, રીફીલ તેમજ ચાર્જર નંગ-૧ મળી કુલ કિં. ૨ હજારનો મુદ્દામાલ મળી આવ્યો હતો. જયારે બોબમાર્લે દુકાન ચલાવનાર વેપારી ગોટુલાલ ઉર્ફે નારાયણલાલ ગેહરીલાલ ગુર્જર (ઉં.૨૬, રહે.સરગાસણ રબારી વાસ ગજેન્દ્રસિંહ વાઘેલાના મકાનમાં ભાડે મુળ રહે રાજસ્થાન) ને પકડી પાડી ઈન્ફોસીટી પોલીસ મથકે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



પડતર પ્રશ્નો અંગે સરકાર સામે પડેલા માજી સૈનિક સંગઠને હાલ પુરતુ સમાધાન કરી લીધુ છે. સંગઠનના પ્રમુખ જીતેન્દ્ર નિમાવતે જણાવ્યુ છે કે સરકાર સાથે યોજાયેલી બેઠક હકારાત્મક રહી હતી અને અમને વિશ્વાસ છે કે અમારા પ્રશ્નોનો ઉકેલ આવશે જ. જો અમારા પ્રશ્નો નહી ઉકેલાય તો ફરી આંદોલનની ગતિવિધિને તેજ બનાવાશે અને તે અનુસાર આગળની રણનીતિ બનાવાશે.

## ખેડૂતો અને ખેતીની સમૃદ્ધિ સાથે લોકોના સ્વાસ્થ્યના રક્ષણ માટે પ્રાકૃતિક કૃષિ આવશ્યક - રાજ્યપાલશ્રી



ગાંધીનગર,તા.૨૩

હાલોલ સ્થિત ગુજરાત પ્રાકૃતિક અને સેંદ્રિય કૃષિ યુનિવર્સિટી દ્વારા આયોજીત ''પ્રાકૃતિક કૃષિ પ્રશિક્ષક શોધ'' વિષયક બે દિવસીય કાર્યશાળાનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત પ્રગતિશીલ ખેડૂતોને સંબોધતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતુ કે રાસાયણિક કૃષિના દુષ્પરિણામથી મુક્તિ મેળવી, ખેડૂતો અને ખેતીની સમૃદ્ધિ સાથે લોકોના સ્વાસ્થ્યની રક્ષા માટે પ્રાકૃતિક કૃષિ આવશ્યક છે.

રાજ્યપાલશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતુ કે પ્રાકૃતિક કૃષિને ખેતરે-ખેતરે પહોંચાડવા ખેડૂતોને માર્ગદર્શન આપવું જરૂરી છે. આ માટે પ્રાકૃતિક કૃષિજ્ઞાનની સમજ ધરાવતા અને પોતાના ખેતરમાં પ્રાકૃતિક કૃષિનો સફળ પ્રયોગ કરનારા પ્રગતિશીલ ખેડૂતોએ યોગ્ય તાલીમ દ્વારા સજ્જ થઈને અન્ય ખેડૂતોને માર્ગદર્શન આપવું પડશે, એટલું જ નહીં ખેડૂતો સાથે ખેતર ઉપર જઈ પ્રક્ટિકલ જ્ઞાન પણ આપવું પડશે. રાજ્યપાલ શ્રીએ જણાવ્યું હતું કે આ કાર્યશાળામાં ઉપસ્થિત પ્રગતિશીલ ખેડૂતો માસ્ટર ટ્રેનર તરીકે તૈયાર થાય અને પ્રાકૃતિક કૃષિના જનઅભિયાનમાં સામેલ થવા વધુ ને વધુ ખેડૂતોને પ્રેરિત કરે તે જરૂરી છે. તેમણે જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિના પ્રગતિશીલ ખેડૂતોએ તેમના ખેતરમાં જે સફળ પ્રયોગ કર્યા છે તેનાથી અન્ય ખેડૂતો પ્રેરણા લેશે. રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિની સમજ સાથે બીજામૃત, જીવામૃત-ઘનજીવામૃત, આચ્છાદન, વાપ્સા તેમજ મિશ્રપાકના સિદ્ધાંતોની ખેડૂતોને તેમના ખેતર ઉપર જ પ્રેક્ટિકલ તાલીમ અને સમજ આપવા પર પણ ભાર મૂક્યો હતો. આ માટે આસપાસના ચાર-પાંચ ગામના ખેડૂતોની ત્રણથી પાંચ દિવસની તાલીમ શિબિર યોજી પ્રાકૃતિક કૃષિ વિશે માર્ગદર્શન આપવા અનુરોધ કરી જણાવ્યું હતુ કે, તાલીમ આપનારા પ્રશિક્ષકો જો પ્રાકૃતિક કૃષિના મૂળભૂત ઉદ્દેશથી પૂરેપૂરા માહિતગાર હશે તો જ અન્ય ખેડૂતોને તાલીમ આપી શકશે.

## IAR યુનિવર્સિટી ગાંધીનગર ખાતે રાજ્યકક્ષાની અન્ડર-૧૯ ક્રિકેટ ટૂર્નામેન્ટ યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ્ડ રિચર્ચ (IAR), ધ યુનિવર્સિટી ફોર ઈનોવેશન દ્વારા રાજ્યકક્ષાના અન્ડર-૧૯ ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત અંડર-૧૯ બોયઝ, અંડર-૧૯ ગર્લ્સ તથા ઓપન ટૂર્નામેન્ટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે યનિવર્સિટી દ્વારા મે-૨૦૨૨માં પણ ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતુ જેનું ઉદ્ઘાટન તા. ૧૦મી મે ના રોજ શિક્ષણમંત્રી (રાજ્યકક્ષા) ડૉ. કુબેરભાઈ ડિંડોરજીના હસ્તે કરવામાં આવ્યું હતું તથા સમાપન સમયે ડીજીપી સાહેબ ઉપસ્થિત રહ્યા હતા.

ક્રિકેટ ટૂર્નામેન્ટ પ્રારંભ તા. ૧૨મી ડિસેમ્બરના રોજથી IAR યુનિવર્સિટી, ગીફટસિટી ઓવરબ્રિજની બાજુમાં, કોબા ખાતે શરૂ કરવામાં આવશે. રસ ધરાવતી શાળાઓ તથા વિદ્યાર્થીઓને ક્રિકેટ ટૂર્નામેન્ટમાં ભાગ લેવા આમંત્રિત કરવામાં આવે છે.

વિજેતા ટીમ, સ્કૂલ તથા વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ તથા અવોર્ડ્સથી નવાજવામાં આવશે.

વધુ માહિતી માટે IAR યુનિવર્સિટીની વેબસાઈટ www.iar.ac.in પર લોગિંગ કરવાનુ રહેશે અથવા ટૂર્નામેન્ટ કો-ઓર્ડિનેટર અવિનાશ પટેલનો સંપર્ક કરવો.

રજિસ્ટ્રેશનની છેલ્લી તારીખ ૩૦મી નવેમ્બર છે. વહેલા તે પહેલાના ધોરણે ટીમોની પસંદગી કરવામાં આવશે તેમ સંસ્થા દ્વારા જણાવાયુ છે.

